# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

બ્લોક નં. ૨, પહેલો માળ, કર્મયોગી ભવન, સેક્ટર – ૧૦, ગાંધીનગર

## જાહેરાત ક્રમાંકઃ ૨૨૬/૨૦૨૩૨૪

(વેબસાઇટ એડ્રેસ : https://ojas.gujarat.gov.in અને https://gsssb.gujarat.gov.in)

મંડળ દ્વારા સામાન્ય વહીવટ વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડા નિયામકશ્રી, આંકડાશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર ની કચેરી, ગાંધીનગર હસ્તકના વિવિધ વર્ગ-૩ ના તાંત્રિક સંવર્ગોની નીચે દર્શાવેલ જગ્યાઓ માટે ઉમેદવારોની સ્પર્ધાત્મક પરીક્ષા યોજીને મેરીટના ધોરણે પસંદગી/ પ્રતિક્ષા યાદી તૈયાર કરવા માટે OJAS ની વેબસાઇટ ઉપર ઓન-લાઈન અરજીપત્રકો મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારોએ "https://ojas.gujarat. gov.in" વેબસાઈટ પર તમામ સંવર્ગો માટે તા.૦૨/૦૧/૨૦૨૪ બપોરના ૧૪-૦૦ કલાકથી તા.૧૬/૦૧/૨૦૨૪ ના રોજ ૨૩-૫૯ કલાક દરમ્યાન ઓન-લાઈન અરજી કરવાની રહેશે. OJAS વેબસાઇટ પરથી ઓનલાઇન પરીક્ષા ફી ભરવા માટે છેલ્લી તા.૧૮/૦૧/૨૦૨૪ (૨૩-૫૯ કલાક) સુધીની રહેશે. વિશેષ વિગતો માટે મંડળની વેબસાઇટ "https://gsssb.gujarat.gov.in" અને https://ojas.gujarat.gov.in વેબસાઇટ પર મુકવામાં આવેલ વિગતવાર જાહેરાત જોઇ લેવાની રહેશે.

| ક્રમ | જાહેરાત ક્રમાંક અને સંવર્ગનું નામ | વિભાગ/ ખાતાની વડાની કચેરીનું નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | | કુલ જગ્યાઓ પૈકી અનામત | | શારીરિક અશક્ત (દિવ્યાંગ) ઉમેદવારો માટે નિયત થયેલ ડિસેબિલિટીઝ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | બિન અનામત (સામાન્ય) | આર્થિક રીતે નબળા વર્ગ | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા. શૈ. પ. વર્ગ | બિન અનામત (સામાન્ય) | આર્થિક રીતે નબળા વર્ગ | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા. શૈ. પ. વર્ગ | શારીરિક અશક્ત (દિવ્યાંગ) | માજી સૈનિક | |
| ૧ | ૨૨૬/ ૨૦૨૩૨૪, (૧) સંશોધન મદદનીશ, વર્ગ-૩ | નિયામકશ્રી, આંકડાશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર ની કચેરી ગાંધીનગર | ૯૯ | ૪૨ | ૧૦ | ૦૬ | ૧૫ | ૨૬ | ૧૩ | ૦૩ | ૦૩ | ૦૪ | ૦૯ | ૦૪ | ૦૯ | B, LV, D, HH, OA, BA, OL, CP, LC, Dw, AAV, ASD(M), MI (40-70%), MD (40-70%) |
| | (૨) આંકડા મદદનીશ, વર્ગ-૩ | નિયામકશ્રી, આંકડાશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર ની કચેરી ગાંધીનગર | ૮૯ | ૩૨ | ૦૯ | ૦૫ | ૧૮ (૭- બેક લોગ) | ૨૫ | ૧૧ | ૦૩ | ૦૨ | ૦૫ | ૦૮ | ૦૪ | ૦૮ | B, LV, D, HH, OA, BA, OL, CP, LC, Dw, AAV, ASD(M), MI (40-70%), MD (40-70%) |
| તમામ સંવર્ગોની કુલ જગ્યાઓ | | | ૧૮૮ | ૭૪ | ૧૯ | ૧૧ | ૩૩ | ૫૧ | ૨૪ | ૦૬ | ૦૫ | ૦૯ | ૧૭ | ૦૮ | ૧૭ | |

**B** (Blind), **LV** (Low Vision), **D** (Deaf), **HH** (Hard of Hearing), **OA** (One Arm), **OL** (One leg), **BA** (Both Arm), **CP** (Cerebral palsy), **LC** (Leprosy Cured), **Dw** (Dwarfism), **AAV** (Acid Attack Victim), **ASD(M)** (Autism Spectrum Disorder (**M**- Mild), **MI** (Mental Illness), **MD** (Multiple Disabilities) Disabilities included in Group A to D,

નોંધ:- (૧) ઉપર દર્શાવેલ જગ્યાઓમાં વધઘટ થવાની શક્યતા રહેલ હોઇ જગ્યાઓમાં વધઘટ થઇ શકશે.

(૨) તમામ જાહેરાતો અન્વયે સામાન્ય વહીવટ વિભાગ દ્વારા નિયત થયેલ પરીક્ષા પદ્ધતિ મુજબ MCQ - CBRT (Computer Based Recruitment Test) પદ્ધતિની સ્પર્ધાત્મક પરીક્ષા Part-A અને Part-B એમ બે ભાગમાં લેવામાં આવશે. Part-A માં કુલ ૬૦ પ્રશ્નો અને Part-B માં કુલ ૧૫૦ પ્રશ્નો એમ કુલ ૨૧૦ પ્રશ્નો રહેશે. Part-A અને Part-B બંને માટે સંયુક્ત રીતે કુલ ૩ કલાક (૧૮૦ મિનિટ) નો સમય મળવાપાત્ર રહેશે. પરીક્ષા પદ્ધતિની તમામ વિગતો વિગતવાર જાહેરાતમાં દર્શાવવામાં આવશે.

(૩) ઉક્ત જાહેરાત માટે પસંદગી યાદી મેરીટના આધારે કેટેગરી વાઈઝ આખરી કરવામાં આવશે.

(૪) ઉમેદવારોએ મંડળની વેબસાઇટ પર મુકવામાં આવેલ દરેક સંવર્ગની વિગતવાર જાહેરાત સ્પષ્ટ રીતે વાંચીને ઓજસની વેબ સાઇટ પર ઓન-લાઇન અરજી કરવાની રહેશે. ઓનલાઇન અરજી કરતી વખતે તમામ વિગતોની ખાતરી કરીને અરજી કન્ફર્મ કરવાની રહેશે.

(૫) જે તે સંવર્ગના સંબંધિત વિભાગના ભરતી નિયમો અને પરીક્ષા નિયમોમાં નિયત થયેલ જોગવાઇ અનુસાર જાહેરાત આપવામાં આવેલ છે.

(૬) દરેક સંવર્ગના ભરતી નિયમોમાં નિયત થયેલ શૈક્ષણિક લાયકાતના અર્થઘટન સંદર્ભે ભરતી પ્રકિયા દરમિયાન કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તે અંગે સંબધિત વિભાગનો પરામર્શ કરીને યોગ્ય તે નિર્ણય લેવામાં આવશે.

તારીખ :- ૦૨/૦૧/૨૦૨૪
સ્થળ :- ગાંધીનગર

માહિતી/૨૧૧૨/૨૩-૨૪

હસમુખ પટેલ
સચિવ